સમાજ સુરક્ષા ખાતાની ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે સમિતિઓની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

ઠરાવ ક્રમાંક-અપગ/૧૦/૨૦૨૦/૩૨૩૦૬૮/છ.૧

સચિવાલય, ગાંધીનગર

તા.૨૯/૦૭/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) નાણા વિભાગનો તા.૦૫/૦૭/૧૯૯૧ નો ઠરાવ ક્રમાંક:એઓપી/૧૦૯૧/૩-એમ.

(૨) નાણા વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક:પગર-૧૧૯૪-૪૪-મ.

(૩) નાણા વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ.

(૪) નાણા વિભાગનો તા.૦૫/૦૪/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૪-૮૩-મ.

**ઠરાવ**-

વંચાણે લીધેલ નાણા વિભાગના ક્રમાંક (૧) થી (૪) ઉપરના ઠરાવોને ધ્યાને લઈ, નિયામકશ્રી, સમાજ સુરક્ષાની ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે નીચે મુજબ સમિતિઓની આથી રચના કરવામાં આવે છે.

(૧) વર્ગ-૧ ની જગ્યાનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવા માટેની સમિતિ

| ક્રમ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી (સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ) | અધ્યક્ષ |
| ૨ | અધિક સચિવશ્રી / સંયુક્ત સચિવશ્રી / નાયબ સચિવશ્રી (કર્મચારી ગણ), સામાન્ય વહીવટ વિભાગ | સભ્ય |

| | | |
|---|---|---|
| 3 | અધિક સચિવશ્રી / સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | સભ્ય |
| ૪ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર. | સભ્ય સચિવ |

## (૨) વર્ગ-૨ ની જગ્યાનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા માટેની સમિતિ

| ક્રમ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી (સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ) | અધ્યક્ષ |
| ૨ | અધિક સચિવશ્રી / સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | સભ્ય |
| 3 | નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર | સભ્ય |
| ૪ | નાયબ નિયામકશ્રી (અપગ), નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર | સભ્ય સચિવ |

## (3) વર્ગ-3 અને વર્ગ-૪ ની જગ્યાનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા માટેની સમિતિ

| ક્રમ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર | અધ્યક્ષ |
| ૨ | નાયબ નિયામકશ્રી (અપગ), નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર | સભ્ય |
| 3 | નાયબ નિયામકશ્રી (મહેકમ), નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર | સભ્ય |
| ૪ | અપંગોના ખાસ અધિકારી, નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર | સભ્ય સચિવ |

ઉક્ત સમિતિઓએ નાણા વિભાગ / સામાન્ય વહીવટ વિભાગના વખતો વખતના ઠરાવોની જોગવાઈ મુજબ, પાત્ર કર્મચારીઓનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાનું રહેશે.

ઉચ્ચત્તર પગાર ધોરણની ચકાસણીના તમામ કેસો પગાર ચકાસણી એકમ (ગાંધીનગર)ને રજૂ કરવાના રહેશે.

નાણા વિભાગે આપેલ શરતી મંજૂરી અનુસાર નામ. હાઈકોર્ટ ખાતે થયેલ કેસોના પીટીશનરો પુરતું જ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાનું રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૦/૦૭/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી તરફ જાણ સારૂં.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
- શાખા સિલેક્ટ ફાઇલ.